# સાબરકાંઠા, અરવલ્લીમાં ૧૦ હજારથી વધુ લોકો સંક્રમિત થવાનો ભય

## એપ્રિલ અને મે મહિનામાં કોરોનાનું વિકરાળ સ્વરૂપ જોવા મળશો, અહેવાલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭

રાજ્યમાં કોરોના બ્લાસ્ટની સ્થિતિ છે. સાબરકાંઠામાં ગ્રામ્ય વિસ્તાર સુધી કોરોનાના કેસ વધતાં આરોગ્ય વિભાગમાં ચિંતાનાં વાદળ ઘેરાયાં છે. અરવલ્લી જિલ્લામાં આંકડાની માયાજાળ રચવા છતાં કોરોના કેસમાં સતત ઉછાળો આવી રહ્યો છે ત્યારે પ્રજાએ હવે સ્વયં સાવધાન થવાની જરૂર છે. બંન્ને જિલ્લામાં બીજી લહેરમાં ૧૦ હજારથી વધુ લોકો સંક્રમિત થવાનો પૂરેપૂરો ભય છે. એસ.બી.આઈ.ના સંશોધકોના અહેવાલને માનીએ તો કોરોના હવે વધુ ખતરનાક બનવાની સંભાવના છે. એપ્રિલ અને મે. મહિનામાં કોરોનાનું વિકરાળ સ્વરૂપ સામે આવી શકે છે.

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના પરિણામ પછી એકાએક કોરોનાના કેસમાં ઉછાળો આવ્યો છે. રાજ્યના શહેરી વિસ્તારોમાં સ્થિતિ વધુ વણસતી હોય તેવા આંકડા સામે આવ્યા છે તેની સરખામણીએ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના શહેરી અને તાલુકા મથકમાં પણ બીજી લહેરની આંશિક અસર શરૂ થઈ હોય તે રીતે કોરોના સંક્રમિત દર્દીઓમાં ઉછાળો આવ્યો છે. જિલ્લાના હિંમતનગર, મોડાસા, ખેડબ્રહ્મા, બાયડ સહિતના વિસ્તારોમાં જે રીતે કોરોના કેસમાં ઉછાળો આવ્યો અને પ્રજા સ્વયં સોશ્યલ ડિસ્ટન્સ નહીં જાળવે તો કોરોના અનેક લોકોને સંક્રમિત કરે તેવી સંભાવના છે. એસ.બી.આઈ.ના રીસર્ચ રિપોર્ટમાં પણ બહાર આવ્યું છે કે દેશ સહિત અનેક રાજ્યોમાં કોરોનાનો ચેપ સતત વધી રહ્યો છે. બંન્ને જિલ્લાના આરોગ્ય વિભાગે કોરોનાના સંક્રમણને નાથવા દિવસ-રાત કામગીરી કરી રહ્યા છે પરંતુ વધતા કેસ છતાં હજુ સુધી સરકારી કોવિડ હોસ્પિટલો શરૂ કરવા માટે કોઈ નિર્ણય કરાયો નથી. જેથી પાયમાલ થયેલી પ્રજા બધી રીતે પાયમાલ થઈ જાય તેવો ભય છે. તાપમાનનો પારો હવે ૪૦ ડિગ્રીને પાર કરી શકે છે ત્યારે પણ કોરોનાનું સંક્રમણ અંકુશમાં આવે તેવી દૂર દૂર સુધી કોઈ આશા નથી. હવે તો બીજી લહેરમાં પ્રજાએ સ્વયં કોવિડ-૧૯ની ગાઈડલાઈનનો અમલ કરવાની સાથે અનિવાર્ય સંજોગો હોય તો જ બહાર જવાનું વિચારવું અન્યથા હવે જ્યાં ડગ માંડો ત્યાં આસપાસ કોરોના જ દેખાય તેવા દિવસો પણ જાજા દૂર નથી.

## સમાચાર રફતાર

- ડ્રાયવિંગ લાયસન્સ, આરસી રજિ.ની મુદત ૩૦ જૂન કરાઈ
- માસ્ટર બ્લાસ્ટર સચીન તેંડૂલકર પણ કોરોનાથી સંક્રમિત
- રસીના પહેલા ડોઝ બાદ પરેશ રાવલ કોરોનાથી સંક્રમિત થયા
- ભારતની ૪૦ વસ્તુ પર યુએસ ૨૫ ટકા સુધી ટેક્સ લગાવશે
- મુન્ની બદનામ હુઈ ગીત બ્રિટનની સ્કૂલોના સંગીત સિલેબલ્સમાં સામેલ
- HDFCને મળ્યો ભારતની શ્રેષ્ઠ SME બેંકનો દરજ્જો
- અનંતનાગમાં તમામ સરકારી ભવનો પર રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવા આદેશ
- ત્રિપુરામાં સર્જાયો ગોઝારો અકસ્માત, ૪ ભાજપના નેતાઓનાં મોત
- રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને એમ્સ હોસ્પિટલ શિફ્ટ કરાયા, હાલત સ્થિર
- અમેરિકા ભારતથી આયાત કરાતી ૪૦ વસ્તુઓ પર ૨૫ ટકા સુધીનો ટેક્સ લગાવવાની તૈયારીમાં
- લદાખના પેંગોંગ તળાવ પાસે ભારતીય સૈનિકોએ ડાન્સ કર્યો
- પૂના શહેરમાં પાન માટેનું એટીએમ શરૂ કરવામાં આવ્યું
- એર ઈન્ડિયા પર ૬૦૦૦૦ કરોડનું દેવું, વેચવી જ પડશે
- તાઈવાનની સીમામાં ચીનની ૨૪ લડાકૂ સાથે ઘૂસણખોરી
- અનંતનાગમાં તમામ સરકારી ભવનો પર રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવા આદેશ
- આણંદના સાંસદ મીતેશ પટેલ કોરોનાથી સંક્રમિત

# ચૂંટણી જંગ : સહકાર વિભાગમાં જગદીશભાઈ એસ. પટેલ બિનહરીફ

### ધનસુરા માર્કેટયાર્ડનો ચૂંટણી જંગ, ધારાસભ્ય ચૂંટણી જંગના મેદાનમાં ઉતર્યા : ખેડૂત અને વેપારી વિભાગમાં જામનારો ચૂંટણી જંગ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭

ધનસુરા માર્કેટયાર્ડમાં ચૂંટણી ચિત્ર શનિવારે બપોરે સ્પષ્ટ થયું છે. સહકારી આગેવાન, ધનસુરા માર્કેટયાર્ડના વર્તમાન ચેરમેન જગદીશભાઈ શામજીભાઈ પટેલ બિનહરીફ ચૂંટાયેલા જાહેર થયા છે. હવે ખેડૂત વિભાગની ૧૦ અને વેપારી વિભાગની ૪ મફી કુલ-૧૪ બેઠકો માટે ૧૬ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. બંન્ને વિભાગમાં ૧-૧ ઉમેદવાર વધુ રહેતાં ચૂંટણી આવી પડી છે. તા.૩ એપ્રિલે સવારે ૯-૦૦ થી ૫-૦૦ દરમ્યાન નિયત કરેલા મતદાન મથકોમાં ચૂંટણી યોજાશે.



ખેડૂત વિભાગના ચૂંટણી જંગમાં મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ શિવસિંહ ઠાકોરે ઝંપલાવતાં ખેડૂત વિભાગનો જંગ રસાકસી ભર્યો બની શકે છે.

ધારાસભ્યનું પદ મળ્યા પછી પણ સહકારી સંસ્થાઓમાંથી કેમ રાજકીય આગેવાનોને દૂર થવું ગમતું નથી..?? તેના અનેક કારણો છે અને આ માટે સાબરડેરી અને સાબરકાંઠા મધ્યસ્થ બેન્કથી વધુ ઉત્તમ ઉદાહરણો કોઈ હોઈ ન શકે. વિધાનસભા મતક્ષેત્રમાં ધારાસભ્યનું પદ મળ્યા પછી અન્ય કાર્યકરોને આગળ કરવાના બદલે ખુદ જંગમાં ઉતરે છે આ માત્ર રાજેન્દ્રસિંહ ઠાકોરનો પ્રશ્ન નથી અન્ય ધારાસભ્યો પણ આ માર્ગે આગળ વધી રહ્યા છે. પરંતુ હવે સમય બદલાયો છે.

મતદારો અને યુવા ઉમેદવારોમાં હવે પરીવર્તનની લહેર જોવા મળે છે. ધનસુરા માર્કેટયાર્ડના ચૂંટણી જંગમાં મોડાસા ધારાસભ્યનો વિજય નિશ્ચિત છે પરંતુ અન્ય યુવાઓને તક આપવાની જરૂરી છે. તા.૨૭ માર્ચના રોજ ઉમેદવારીપત્રો પરત ખેંચવાના અંતિમ દિવસે ખેડૂત વિભાગની ૧૦ બેઠકમાંથી ૧૧ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. વેપારી વિભાગની ૪ બેઠકમાં ૫ ઉમેદવારો મેદાનમાં રહેતાં ચૂંટણી અધિકારી એ.પી.અસારીએ તા.૩ એપ્રિલના રોજ બંન્ને વિભાગમાં ચૂંટણી યોજવાની વિધિવત જાહેરાત કરી છે અને વેપારી વિભાગમાં અન્ય ઉમેદવારે ઉમેદવારીપત્ર પરત ખેંચતાં ગુજરાતના ખેતી ઉત્પન્ન બજારો બાબતોના નિયમો ૧૯૬૫ના નિયમ-૧૮(૨) મુજબ જગદીશભાઈ શામજીભાઈ પટેલને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કર્યા છે.

# મોડાસાની ખાનગી સ્કૂલના બે શિક્ષકો કોરોના સંક્રમિત

### શૈક્ષણીક સંકુલ અને શાળાઓમાં કોરોના ગાઈડલાઈનનો ઉલાળિયો, કોરોના વિસ્ફોટ કરશે



મોડાસા, તા. ૨૭

અરવલ્લી જીલ્લા સહીત ઉત્તર ગુજરાતમાં માર્ચ મહિનામાં કોરોના સંક્રમણની રફતાર દિનપ્રતિદિન વધી રહેલી જોવા મળી છે.અરવલ્લી જીલ્લામાં વકરેલો કોરોના હવે શાળા, કોલેજ જેવા શિક્ષણ મંદિરોમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓને સંક્રમીત કરી રહ્યો છે જીલ્લાના શૈક્ષણિક સંકુલો અને હાઈસ્કૂલ,પ્રાથમીક શાળાઓમાં કોરોનાની ગાઈડલાઈનનો સદંતર અભાવ જોવા મળી રહ્યો છે મોટા ભાગના શિક્ષકો માસ્ક વગર જોવા મળતા હોય છે આગામી સમયમાં શૈક્ષણિક સંકુલોમાં કોરોના વિસ્ફોટ થાય તો નવાઈ નહિ શાળાઓમાં ઓફલાઈન શિક્ષણ અને પરીક્ષાના લીધે આગામી સમયમાં કોરોનાનું સંકટ વિકટ પરિસ્થિતી ઉભી કરી શકે છે મોડાસાની નામાંકીત સરસ્વતી વિદ્યાલયના પ્રિન્સિપલ અને એક મહિલા શિક્ષક કોરોનામાં સપડાતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ફફડાટ ફેલાયો છે

પ્રાપ્ત માહિતી અનુસાર, લોકડાઉન દરમિયાન છેલ્લા એક વર્ષથી શાળા કોલેજો બંધ કરી ઓનલાઈન શિક્ષણ શરૂ કરાયું હતું. જેમાં તાજેતરમાં પરીક્ષા લેવા તેમજ શાળાઓમાં શૈક્ષણિક કાર્ય શરૂ કરવામાં આવતા વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં કોરોના સંક્રમિત થવા લાગ્યા છે. જેમાં મોડાસાની સરસ્વતી વિદ્યાલયમાં આચાર્ય અને મહિલા શિક્ષક કોરોના સંક્રમિત થયા છે તેમજ એક વિદ્યાર્થીમાં કોરોનાના શંકાસ્પદ લક્ષણો જોવા મળતા સ્કૂલમાંથી પરત ઘરે મોકલવામાં આવ્યો હતો સરસ્વતી વિદ્યાલયમાં અભ્યાસ કરતા,પરીક્ષા આપી રહેલા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ફફડાટ ફેલાયો છે

# આનંદો : સાબરકાંઠા, અરવલ્લીમાં ધો.૧૦-૧૨ બોર્ડ પરીક્ષા આપનારા ૭૫ હજાર વિદ્યાર્થી પ્રેક્ટીસ ટેસ્ટ આપશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭

કોરોનાએ દરેક વિભાગને નવું વિચારવા માટે પ્રેરીત કર્યા છે. કોરોનાના કારણે જાન્યુઆરી-૨૦૨૧ થી ધો.૧૦-૧૨ નું પ્રત્યક્ષ શિક્ષણ શાળાઓમાં શરૂ થયું છે તેમ છતાં સંપૂર્ણ કોર્સ પૂરો કરવો અઘરો છે. આ સંજોગોમાં ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ વર્તમાન કોરોનાની સ્થિતિને ધ્યાને રાખી બોર્ડ પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓના ઉત્સાહને બમણો કરવાના હેતુથી ઈતિહાસમાં પ્રથમવાર બોર્ડે નવતર પ્રયોગ કર્યો છે જેમાં પરીક્ષા પહેલાં દરેક શાળાઓને ૫ પેપર મોકલી પ્રેક્ટીસ ટેસ્ટ લેવાશે જેના કારણે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં આગામી મે. મહિનામાં ધો.૧૦-૧૨ બોર્ડની પરીક્ષા આપનારા અંદાજીત ૭૫ હજારથી વધુ વિદ્યાર્થીઓને ફાયદો થવાની સાથે આત્મવિશ્વાસ પણ ઉંચાઈ પર પહોંચશે.

ગત માર્ચ-૨૦૨૦ થી કોરોનાએ ગામે ગામ પોતાની હાજરી પુરાવી છે. જેનું પરિણામ એ આવ્યું કે શાળાઓમાં શિક્ષણ કાર્ય બંધ રાખવાની નોબત આવી. ફરી નવા વર્ષના માર્ચ મહિનાના અંતમાં કોરોનાની બીજી લહેરે સમગ્ર દેશમાં હાહાકાર મચાવ્યો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લો તેમાંથી બાકાત નથી ભલે સરકારી દફતરે નોંધાતા આંકડા ચિંતા ઉપજાવે તેવા ન હોય પરંતુ ખાનગી અહેવાલો ચિંતાજનક છે. રાજ્ય સરકાર પણ કોરોનાની બીજી લહેરની ગંભીરતા સમજે છે. ત્યારે મે. મહિનામાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા રાજ્યના ૧૭ લાખથી વધુ વિદ્યાર્થીઓની બોર્ડ પરીક્ષા યોજવાની છે તે પૂર્વે બોર્ડ પરીક્ષા આપનારા છાત્રોનો આત્મવિશ્વાસ વધારવાના હેતુથી વિષય નિષ્ણાત શિક્ષકોએ તૈયાર કરેલા દરેક વિષયના ૫ પ્રશ્નપત્રો તમામ સ્કુલોને મોકલવામાં આવશે અને તેની પરીક્ષા લેવાશે જેની ચકાસણી શાળાના શિક્ષકો દ્વારા કરી પરિણામ જાહેર કરવામાં આવશે. કોરોનાનો હાઉ દૂર કરવા અને અભ્યાસક્રમ ઘટાડીને બોર્ડની પરીક્ષાનું આયોજન થયું છે તે બાબતે ઉભી થયેલી અનેક અસમંજસ દૂર કરવાનો પણ આ સાથે પ્રયાસ થઈ રહ્યો છે.

# ભ્રષ્ટાચારની આગ : બાયડ મામલતદાર કચેરીના ઉઘરાણાથી કંટાળી કારકૂનની ટેબલ બદલવાની માંગ

### મામલતદાર ઉવાચ, આવી વિગત મારી પાસે આવી નથી, નીચે આવી હોય તો જોવડાઉં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭

બાયડ મામલતદાર કચેરીમાં વચેટીયા અને ભ્રષ્ટાચાર ફૂલ્યો ફાલ્યો છે. ભ્રષ્ટાચારને પોષવા કચેરીના તમામ સી.સી.ટીવી કેમેરા બંધ હાલતમાં છે. બાયડ મામલતદાર દ્વારા ચલાવાતા વિવાદીત જમીનના કેસમાં મોટાપાયે ખોટું થયાના અહેવાલ પ્રજાનો અવાજ બનેલા ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થયા પછી સનસનાટી મચવાની સાથે અહેવાલોને આડકતરૂ સમર્થન મળ્યું છે. બાયડ મામલતદાર કચેરીના કથિત ઉઘરાણાથી કંટાળી કારકૂનની ટેબલ બદલવાની માંગ કર્યાના બિનસત્તાવાર અહેવાલ છે. બાયડ મામલતદારનો સંપર્ક કરતાં તેઓએ આવી વિગત મારી પાસે આવી નથી. નીચે આવી હોય તો જોવડાવું તેમ કહી વધુ કંઈપણ કહેવાનું ટાળ્યું છે. સમગ્ર મામલાની ગાંધીનગરથી સીધી તપાસ થાય તો બાયડ મામલતદાર કચેરીમાં પીડીત ખેડૂતોને ચૂસી ખાનારા સરકારી બાબુઓનું મહાકૌભાંડ પ્રકાશમાં આવી શકે છે.

બાયડ મામલતદાર કચેરી આજે નહીં વર્ષોથી ભ્રષ્ટાચારનો અડીંગો બની છે. અગાઉ બાયડ તાલુકાના ઓઢા વિસ્તારમાં હિંમતનગરના બારદાનના વેપારીને ખોટા ખેડૂત બનાવી દીધા હતા અને તે કેસ રફે દફે કરવાના હમણાં સુધી પ્રયાસ થયા હતા. ત્યારબાદ એક મામલતદાર તો એવા આવ્યા કે તેમની ઓફીસમાં અરજદાર બેઠો હોય તો પણ પ્રવેશદ્વારની સામે જ જોતા રહેતા કારણ કે કોઈ મોટો બકરો આવે તો હલાલ કરી દેવો. મામલતદાર કચેરી આગળ બગીચો બનાવવો છે તેમ કહી તેમના કાર્યકાળ દરમ્યાન રૂા.૫૦ થી ૮૦ લાખ ખંખેર્યાની લોકચર્ચા છે અને બગીચો તો શું એક કુંડું પણ મૂક્યું ન હતું અને હવે વર્તમાન મામલતદાર સામે પણ જમીન કેસમાં મોટાપાયે ખોટું કર્યાની લોકચર્ચા છેડાઈ છે.

ગત રોજ ગાંધીનગર સમાચારના અહેવાલ પછી ખેડૂતોને બોલાવીને અખબારમાં માહિતી કોને પહોંચાડી..?? તેની પૂછપરછ કરી અને ખેડૂત પાસે લેખિત નિવેદન પણ લેવામાં આવ્યું છે કે મેં અખબારને કોઈ માહિતી આપી નથી અને મારા કેસને કોઈ ગંભીર અસર ન પડે. જો કે તેને સત્તાવાર કોઈ પુષ્ટી મળી નથી પરંતુ બાયડ મામલતદાર કચેરીના ખુલ્લેઆમ ઉઘરાણાથી કંટાળી કારકૂન દ્વારા પોતાનું ટેબલ બદલવાની માંગ કરી છે.

### બાયડ તાલુકાના પશ્ચિમગાળાના કેસોની ફેર તપાસ થાય તો..!!

બાયડ : બાયડ તાલુકાના પશ્ચિમગાળાના ખેડૂતો પાસેથી વિવાદિત કેસમાં પૈસા ખંખેરવામાં બાયડ મામલતદાર કચેરીએ મહારથ હાંસલ કર્યું છે. મામલતદારનો કહેવાતો ખાસ કર્મી અને વચેટીયો પૈસા આપો એટલે ધારો તે હુકમ કરાવી શકે છે તેવો સનસનીખેજ આક્ષેપ અગાઉ પણ જીતપુરના એક ખેડૂતે કર્યો હતો અને આ સમગ્ર કેસ આજેય પણ વિવાદાસ્પદ છે. પશ્ચિમગાળાના અનેક ખેડૂતોને વિવાદિત જમીન કેસમાં ખિસ્સાં હળવાં કર્યાની લોકચર્ચા છે પરંતુ પોતાની સામે કાર્યવાહી થવાના ભયે અનેક ખેડૂતો પોતાનું નામ જાહેર કરતાં ડરી રહ્યા છે. પરંતુ આ અંગે ઉચ્ચ કક્ષાએથી પાછલા દોઢ વર્ષના કેસોની તપાસ થાય તો અનેક રહસ્યો બહાર આવી શકે છે.

### વટાણા વેરનાર ખેડૂતને શોધવા મામલતદાર કચેરી ધંધે લાગી

બાયડ : બાયડ મામલતદાર કચેરીમાં જમીનના વિવાદિત કેસમાં પૈસા ખંખેરીને ચૂકાદો અપાતો હોવાના લોકઆક્ષેપો થઈ રહ્યા છે. આવનારા દિવસોમાં અનેક સ્ફોટક વિગતો સામે આવી શકે છે ત્યારે ૨ દિવસ અગાઉ વટાણા વેરનાર ખેડૂતને શોધવા મામલતદાર કચેરી ધંધે લાગ્યાની ગરમા ગરમ ચર્ચા છે. બાયડ મામલતદાર અને તેમના માનિતા કલાર્કે તા.૨૫ અને ૨૬ માર્ચે કોનો સંપર્ક કર્યો, કોની સાથે મુલાકાત કરી..?? તેની વિગતો મેળવવામાં આવે તો અનેકના પગતળે રેલો આવી શકે છે.

# સામાન્ય રીતે માસ્ક વગરના લોકોને દંડ ફટકારાતી પોલીસ માસ્ક મફત આપતા લોકો અચંબીત

### શામળાજી પોલીસે માસ્ક વિતરણ સાથે જાગૃતિ







મોડાસા, તા.૨૭

અત્યાર સુધી માસ્ક માટે અભિયાન ચલાવતી પોલીસ દ્વારા હવે મફત માસ્કનું વિતરણ શરૂ કરવામાં આવ્યું છે. અરવલ્લી જીલ્લામાં કોરોનાની પ્રથમ અને બીજી લહેર દરમિયાન માસ્ક ની ઝુંબેશ ઉપાડનાર પોલીસે લાખ્ખો રૂપિયા માસ્ક વગરના વાહનચાલકો અને લોકો પાસેથી વસુલાત કરી છે. માસ્ક આ બાબતે પોલીસ અને લોકો વચ્ચે ઘર્ષણના પણ અનેક બનાવો બન્યા હતા તેમજ પોલીસે કેસ પણ દાખલ કર્યા હતા. કેટલાક કેસોમાં તો માસ્ક નાક નીચે ઉતરી ગયું હોવાના કારણે પણ તકરાર તેમજ પોલીસ કેસ ના બનાવ બન્યા હતા.ત્યારે શામળાજી પોલીસે શામળાજી આશ્રમ ચાર રસ્તા પર કોરોના સંક્રમણથી બચવા માસ્ક અને જનજાગૃતિ સાથે માસ્ક વગરના વાહનચાલકો અને લોકોને મફત માસ્કનું વિતરણ કરતા લોકોએ પોલીસની સરાહના કરી હતી

શામળાજી પીએસઆઈ આશીષ પટેલ અને તેમની ટીમે ને.હા.નં-૮ પર આવેલ આશ્રમ ચોકડી નજીકથી પસાર થતા માસ્ક વગરના વાહનચાલકો અને માસ્ક પહેર્યા વગર ફરતા લોકોને વિના મુલ્યે માસ્ક વિતરણ કરાયા હતા. લોકોને ફરજિયાત માસ્ક પહેરવાની સૂચનાઓ આપી હતી. સલામતી જાળવવા અને કોરોના વાયરસથી બચવા મોઢા પર માસ્ક ફરજીયાત પહેરવાની અપીલ કરવામાં આવી હતી શામળાજી પોલીસના માસ્ક વગરના વાહનચાલકો અને લોકોને દંડની પાવતી પકડાવવાની જગ્યાએ મફત માસ્ક આપતા પોલીસની કામગીરીની સરાહના કરી હતી

## ૫ ફોન તોડ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સચિન વાઝેએ વધુ એક ચોંકાવનારો ખુલાસો કર્યો હોવાનું સામે આવી રહ્યું છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, મનસુખની ડેડ બોડી મળ્યા બાદ વાઝેએ પાંચ મોબાઈલ ફોન તોડી નાખ્યા હોવાની કબૂલાત કરી છે. જેમાં તેના સરકારી ફોનનો પણ સમાવેશ થાય છે.

સૂત્રોનું કહેવું છે કે, સચિન વાઝે ૧૩ મોબાઈલ ફોન વાપરતો હતો. તેના સરકારી ફોનમાંથી ડેટા પ્રાપ્ત કરવા એનઆઈએ હાલ એક્સપર્ટ્સની મદદ લઈ રહી છે. જો આ ફોનમાંથી ડેટા પ્રાપ્ત કરી શકાયો તો તેને ડિજિટલ એવિડન્સ સ્વરુપે મનસુખ હિરેન મર્ડર કેસમાં વાઝે સામે ઉપયોગમાં લઈ શકાય છે. ઉલ્લેખનીય છે કે, આ કેસમાં વાઝે જ મુખ્ય આરોપી છે.

વાઝેને મહિનાનો હપ્તો આપવા ગયેલા એક હોટેલના માલિકે એનઆઈએને ગુરુવારે જણાવ્યું હતું કે તે ત્રીજી માર્ચના રોજ વાઝેને હપ્તો આપવા ગયો હતો. તે વખતે તેણે વાઝે સાથે મનસુખ, હાલ ધરપકડ કરાયેલા કોન્સ્ટેબલ વિનાયક શિંદે અને ક્રાઈમ બ્રાંચના અન્ય એક ઈન્સ્પેક્ટરને સાથે જોયા હતા. એનઆઈએ હવે આ ઈન્સ્પેક્ટરની પૂછપરછ કરવા માગે છે. એટલું જ નહીં, સચિન વાઝે એક ફાઈવ સ્ટાર હોટેલમાં રોકાયો હતો, જેનું ૧૩ લાખ રુપિયા બિલ થયું હતું. આ

બિલની ચૂકવણી કરવા માટે મુંબઈ પોલીસના એક સિનિયર અધિકારીએ સાઉથ મુંબઈના એક વેપારીને ફોન કર્યો હતો તેવું પણ એનઆઈએની તપાસમાં બહાર આવ્યું છે. જેની પણ આગામી દિવસોમાં પૂછપરછ કરાઈ શકે છે.

આ વેપારીએ એનઆઈએને જણાવ્યું હતું કે, તેની સાથે એક જ્વેલરે ૫૦-૬૦ લાખ રુપિયાની ઠગાઈ કરી હોવાની તે ફરિયાદ નોંધાવવા ગયો હતો. તે વખતે એક સિનિયર પોલીસ અધિકારીએ તેને જણાવ્યું હતું કે જો તે વાઝેનું ૧૩ લાખ રુપિયાનું બિલ ચૂકવી દેશે તો જ્વેલર પાસેથી રુપિયા કઢાવવામાં વાઝે તેની મદદ કરશે.

એટીએસની તપાસમાં પણ એવું બહાર આવ્યું છે કે, મનસુખને ખતમ કરી દેવા માટે વાઝેએ બીજી માર્ચના રોજ પ્લાન બનાવ્યો હતો. તેના માટે તેણે પોતાના બે સાથીઓ સાથે પોલીસ હેડક્વાર્ટરમાં બે કલાક સુધી મિટિંગ પણ કરી હતી. છેલ્લા ૧૫ દિવસમાં એટીએસે આ મામલે જે પણ તપાસ કરી છે તેનો રિપોર્ટ પણ એનઆઈએને સુપ્રત કરવામાં આવ્યો છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

SURMOUNT HOSPITAL
સરમાઉન્ટ હોસ્પિટલ
પ્લોટ નં.R-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર.
મો. ૮૪૬૯૯૮૮૦૫૫૦, ૯૬૨૪૪૦૧૯૯૯
ગર્વમેન્ટ માન્ય કોવિડ સેન્ટર
EMERGENCY 24 HOURS SERVICES
હોમકેર પેકેજ
• દરરોજ કોવિડ સ્પેશ્યાલિસ્ટ એમ.ડી. ફીજીશીયનની એક વિઝીટ
• કોવિડ કેર કીટ જેમાં ઓક્સિજન માત્રા ચેક કરવા માટે પલ્સ ઓકસી મીટર, થર્મોમીટર, સ્ટીમ ઈન્હેલર (નાસ લેવા માટે), N-95 માસ્ક, હેન્ડ સેનેટાઈઝર
• ઈમરજન્સી સારવાર 24 x 7 વિડીયો કોલીંગ મારફતે અને જરૂર પડે તો ઘરે પણ
• જરૂર પડે તો કોવિડ હોસ્પિટલમાં દાખલ થવા સુધીની સગવડ
• કોવિડ માટેના મોઘા ઈન્જેકશન Remdesivir ઘરે આપવાની સુવિધા
• 7 દિવસનું પેકેજ ઉપલબ્ધ • સીટી સ્કેન કરાવવા માટે એમ્બ્યુલન્સની સુવિધા
• ઘર બેઠા બ્લડ રીપોર્ટ • કોરોનાને લગતી તમામ દવાઓ • સંપૂર્ણ 7 દિવસનું પેકેજ
*T&C